## કોવિન પોર્ટલ ઉપર રસીનો સ્લોટ બુક કરાવવામાં લોકોને ભારે હાલાકી

# રસી માટે સ્લોટ ખૂલવાનો સમય નક્કી જ નથી ઘરેથી દૂરનાં સેન્ટરો પસંદ કરવા લોકોને ફરજ પડી

### ક્યારેક સ્લોટ દિવસે તો ક્યારેક રાત્રે ખુલતા હોવાથી રજિસ્ટ્રેશન કરાવવામાં તકલીફ

। અમદાવાદ ।

કોરોના સામેનો જંગ જીતવા માટે વધુને વધુ લોકો રસી લે તે જરુરી છે, પરંતુ સરકારી તંત્ર પાસે રસીનો પુરતો સ્ટોક ઉપલબ્ધ ન હોવાના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. અમદાવાદ શહેરમાં રસી માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવામાં સ્લોટ ખુલવાનો ચોક્કસ સમય ન હોવાના કારણે સ્લોટ બુક કરવામાં તકલીફ પડે છે. તેના લીધે જ્યારે જે સ્લોટ ખુલ્લો હોય તેમાં જ લોકો સ્લોટ બુક કરાવતા હોવાથી ઘરેથી દુરના સેન્ટરો પસંદ કરવાની લોકોને ફરજ પડી રહી છે.

આ અંગે મણીનગરના અમર ઉપાધ્યાયએ જણાવ્યું હતું કે રસી માટે સ્લોટ બુક કરાવવા કોવિનની પોર્ટલ ઉપર સ્લોટ ખુલવાનો કોઈ સમય જ નથી. ઘણી વાર કોઈ સેન્ટરનો સ્લોટ દિવસે ખુલે તો કોઈ સેન્ટરનો સ્લોટ રાત્રે ખુલે. એટલે જ્યારે જે સ્લોટ ખુલ્લો હોય તે સેન્ટરને જ પસંદ કરવું પડે છે. જ્યારે અમરાઈવાડી ખાતે રહેતા મમતાબેન પંડ્યાએ જણાવ્યું હતું કે રસી માટે ઓનલાઈન સ્લોટ માટે ૧૫ દિવસથી દીકરો ટ્રાય કરતો હતો. પણ કોઈ મેળ પડ્યો નહીં. આખરે ઓનલાઈનમાં અસારવા સેન્ટરનો સ્લોટ ખુલ્લો મળતા મારે ત્યાં રસી લેવા જવું પડ્યું. મારા ભત્રીજાને પણ વસ્ત્રાલથી મણીનગરના સેન્ટરમાં રસી લેવા જવું પડ્યું હતું.

અત્રે નોંધનીય છે કે એક તરફ સરકારી સેન્ટરોમાં મર્યાદિત લોકોને રસી આપવામાં આવે તો બીજી તરફ ખાનગી હોસ્પિટલોને રસીનો વેપાર કરવાનો ખુલ્લો પરવાનો અપાતાં લોકોમાં તંત્રની આ નીતિ સામે રોષ જોવા મળી રહ્યો છે. લોકોમાં ચર્ચા છે કે ખાનગી હોસ્પિટલોને જેટલી જરુર હોય તેટલી રસીનો સ્ટોક મળે તો સરકારી સેન્ટરોને મર્યાદિત સ્ટોક જ કેમ ?



### વસ્ત્રાલથી જૂના વાડજ રસી લેવા જવા નોકરીમાં રજા પાડવી પડી

વસ્ત્રાલના જીગર પટેલે જણાવ્યું હતું કે રસી માટે એક સપ્તાહથી ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવા પ્રયત્ન કરતો પણ સ્લોટ મળતો ન હતો. એટલે એક દિવસ વહેલી સવારે ઊઠીને જુના વાડજના સેન્ટરનો સ્લોટ ખાલી હોવાથી તે બુક કરાવ્યો. ઘરેથી ૧૨ થી ૧૫ કિલોમીટર દુર રસી લેવા જવાનું હોવાથી નોકરીની એક દિવસની રજા પાડવી પડી હતી.

### કોવેક્સિન રસી માટે શહેરમાં એક પણ સરકારી સેન્ટર નથી

અમદાવાદ શહેરમાં કોવેક્સિન રસી માટે કોવિન પોર્ટલ ઉપર રવિવારે માત્ર ૨ ખાનગી હોસ્પિટલના સેન્ટર હોવાનું જણાવે છે. જ્યારે કોવેક્સિનનું એક પણ સરકારી સેન્ટર નથી.



સૈજપુર બોઘામાં કોર્પોરેટર માસ્ક વગર



સુરતમાં પાટિલની હાજરીમાં ડિસ્ટન્સ ભંગ



વડોદરામાં કાર્યકરોનો મેળાવડો

# સોશિયલ ડિસ્ટન્સના લીરા ઉડાડી ભાજપની કેન્દ્ર સરકારના ૭ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી

### રાજ્યભરમાં થયેલી ઉજવણીમાં MP, MLA અને હોદ્દેદારોએ સરેઆમ કાયદાનો ભંગ કર્યો

। અમદાવાદ ।

આજરોજ કેન્દ્ર સરકારે સાત વર્ષ પુરાં કર્યા તેની આજે રાજ્યભરમાં થયેલી ઉજવણીમાં ભાજપના સાંસદો, ધારાસભ્યો, હોદ્દેદારો અને કાર્યકરોએ રીતસર સોશિયલ ડિસ્ટન્સની ઐસી કી તૈસી કરી હતી. આ ઉજવણીમાં ઘણાએ માસ્ક નાક નીચે પહેર્યુ હતું, ઘણાએ દાઢીએ રાખ્યું હતું. આ ઉજવણીના પગલે રાજ્યભરમાં એવી ચર્ચા થઈ હતી કે જ્યારે કોરોના પીક પર હતો, લોકોને મદદની જરૂર હતી ત્યારે આ એમપી, એમએલએ, હોદ્દેદારો ક્યાં ગયા હતા ? ભાજપના નેતાઓ દર્દીઓની સેવામાં પાછળ પણ ઉજવણીમાં આગળ રહે છે. હજુ કોરોનાના ૧,૮૦૦ જેટલાં કેસ નોંધાઈ રહ્યાં છે ત્યારે ભાજપની આ પ્રકારની ઉજવણી સત્તાધારી પક્ષ લોકોના સ્વાસ્થ્યની જરાય ચિંતા કરતો નથી અને બેજવાબદાર વર્તન કરે છે તે દર્શાવે છે. અમદાવાદના તમામ ૪૮ વોર્ડમાં, સુરતમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટિલની હાજરીમાં યોજાયેલી વિવિધ કાર્યક્રમોમાં વડોદરામાં ૬૫૦ સ્થળોએ, રાજકોટમાં ૧૮ વોર્ડમાં આયુર્વેદિક દવા, હોમિયોપેથી દવા, ઉકાળા, સેનિટાઈઝર, બ્લડ ડોનેશન કેમ્પ વગેરે જેવા કાર્યક્રમો યોજી આ ઉજવણી કરાઈ હતી. પોરબંદરમાં રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાના કાર્યક્રમમાં, જસદણમાં રાશનકિટ વિતરણ કાર્યક્રમમાં, ઉમરગામમાં રક્તદાન શિબિરમાં, ગાંધીનગરમાં જાહેરસભાઓ યોજી, બીલીમોરામાં કિટ વિતરણમાં, વાપીમાં ઉકાળા વિતરણમાં, છોટાઉદેપુર, ડભોઈ વાઘોડીયા તેમજ શિનોર તાલુકામાં વિવિધ કાર્યક્રમોમાં, ધ્રાંગધ્રા, થાનગઢ, દસ્ક્રોઈના અસલાલી, દિયોદર, માંડલ, ભાવનગર, જૂનાગઢ અને ભુજમાં ઉજવણીમાં સોશિયલ ડિસ્ટન્સનો ભંગ થયો હતો.

## ઓનલાઈન ફ્રોડ થાય તો ૧૫૫૨૬૦ પર કોલ કરો, ૧૫ જણાને ૧૭.૭૬ લાખ પરત મળ્યા

# ઓનલાઈન ફ્રોડ રોકવા શરૂ કરેલી હેલ્પલાઈન પર પાંચ મહિનામાં ૧૭,૪૫૩ કોલ આવ્યા

### ફ્રોડનો ભોગ બનેલી વ્યક્તિના અન્ય બેન્કમાં જમા થયેલાં નાણાં બ્લોક કરી શકાય છે

। અમદાવાદ ।

તમારી સાથે ઓનલાઈન ફ્રોડ થાય તો ૧૫૫૨૬૦ નંબરની હેલ્પલાઈન પર કોલ કરો તમારા નાણાં સુરક્ષીત થઈ જશે તેવી સુવિધા ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ સાઈબર સેલમાં શરૂ થઈ છે. સાઈબર સેલ દ્વારા છેલ્લા પાંચ મહીનાથી ઓનલાઈન ફ્રોડનો ભોગ બનેલી વ્યક્તિના નાણાં જે તે બેંકમાં ટ્રાન્સફર થયા હોય ત્યાં મેઈલ કરી બ્લોક કરાવવાની સુવિધા શરૂ થઈ છે. ઓનલાઈન ફ્રોડનો ભોગ બનનાર આવી ૧૫ વ્યક્તિઓને ૧૭.૭૬ લાખની રકમ હેલ્પલાઈનની મદદથી પરત મળી છે

સોશિયલ મિડીયામાં ફેક એકાઉન્ટ અથવા તો ફેક કે સરકારી વેબસાઈટના ભળતા નામવાળી વેબસાઈટ બનાવીને થઈ રહેલા ફ્રોડને રોકવા માટે સીઆઈડી ક્રાઈમ સાઈબર સેલ દ્વારા નજર રાખવામાં આવે છે. કેન્દ્ર સરકારના MHA (મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર) ડિપાર્ટમેન્ટ દ્વારા સમગ્ર દેશમાં સાઈબર ક્રાઈમનો ભોગ બનનાર લોકોની મદદ માટે આ હેલ્પલાઈન શરૂ કરાઈ છે.

મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર દ્વારા સાઈબર ક્રાઈમને રોકવા માટે શરૂ થયેલી ૧૫૫૨૬૦ નંબરની હેલ્પલાઈન છેલ્લા પાંચ માસથી સીઆઈડી ક્રાઈમ સાઈબર સેલ ગાંધીનગર ખાતે કાર્યરત છે. ૨૦૧૯માં શરૂ થયેલી આ હેલ્પલાઈન પર સાઈબર ક્રાઈમ અંગે કુલ ૧૭૪૫૩ કોલ આવ્યા જેમાંથી ૯૬૨૯ કોલ સાઈબર ક્રાઈમનો ભોગ બનનાર લોકોના હતા. આ હેલ્પલાઈન સતત ૨૪ કલાક કાર્યરત હોય છે. લોકોની ફરિયાદનું નિરાકરણ લાવવા માટે આ કંટ્રોલરૂમમાં સંચાલન માટે સાત માણસોને મુકાયા છે. હેલ્પલાઈનની મદદથી અત્યાર સુધીમાં ગુજરાતમાં ઓનલાઈન ફ્રોડના ભોગ બનેલા ૧૫ વ્યક્તિઓને રૂ. ૧૭,૭૬,૫૧૬ની રકમ પરત અપાઈ છે. જ્યારે બીજા રૂ.૭૦,૩૫,૬૮૨ની રકમ જૂદી જૂદી બેંકોમાં બ્લોક કરાઈ છે.

ઓનલાઈન ફ્રોડનો ભોગ બનનાર વ્યક્તિના નાણાં જે તે બેંકમાં ગયા હોય તેની તપાસ કરી ફ્રોડના નાણાં જમા થયા હોય તે બેંક એકાઉન્ટને બ્લોક કરાવવાની કાર્યવાહી થતી હોય છે. જેથી, ઓનલાઈન ફ્રોડ કરનાર વ્યક્તિ તે બ્લોક બેંક એકાઉન્ટમાંથી ઠગાઈની રકમ કાઢી શકે નહી. આ રકમ કાયદાકીય પ્રકીયા પૂર્ણ થયા બાદ ભોગ બનનાર વ્યક્તિના ખાતામાં જમા થઈ જતી હોય છે. ઉપરાંત સોશિયલ મિડીયા પ્લેટફોર્મનો ઉપયોગ કરી સરકારી વેબસાઈટના ભળતા નામવાળી વેબસાઈટ બનાવી કે જૂદા જૂદા આઈડી બનાવી ઓનલાઈન ઠગાઈ કરતાં એકાઉન્ટો સાઈબર સેલએ બ્લોક કરાવી હટાવડાવ્યા હતા. જેમાં ફેસબૂક આવા ૧૦૮ એકાઉન્ટ આઈડી, OLX પર ફેક આઈડી ૮૮૮ અને ૧૧૪ ફેક વેબસાઈટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સીઆઈડી સાઈબર સેલ દ્વારા ઓનલાઈન ફ્રોડ કરતાં મોબાઈલ નંબરોની યાદી તૈયાર કરી, આ નંબરના ધારકો વિરૂદ્ધ જે તે રાજ્યના પોલીસ વિભાગને કાર્યવાહી કરવા માટે મોકલવામાં આવે છે.

### હેલ્પલાઈન પર કોલ કરનાર વ્યક્તિ જ્યાં હોય તે રાજયના સાઇબર સેલને કોલ જાય છે

કેન્દ્ર સરકારના એમએચએ દ્વારા સાઇબર ક્રાઇમનો ભોગ બનેલા નાગરિકોની મદદ માટે સમગ્ર દેશમાં હેલ્પલાઈન નબર ૧૫૫૨૬૦ શરૂ કરવામાં આવ્યો છે. સાઇબર ક્રાઇમનો ભોગ બનનાર વ્યક્તિ જે સ્થળેથી કોલ કરે તે રાજ્યના સ્ટેટ સાઇબર સેલમાં ફોન જાય છે. સાઇબર સેલના અધિકારીઓ તમારી ફરિયાદ સાંભળી તરત જ હરકતમાં આવી જાય છે. નાણાંકીય ફ્રોડના કેસમાં તુરંત હેલ્પલાઈન પર કોલ કર્યો હોય તો ઠગાઇના રૂપિયા જે બેંક એકાઉન્ટમાં જમાથયા હોય તે એકાઉન્ટ બ્લોક કરવાની કાર્યવાહી કરી સાઇબર સેલ ભોગ બનનારના નાણાંને સુરક્ષીત કરે છે.

### વીડિયો કોલ પર કપડાં ઉતારી લોકોને બ્લેકમેઈલ કરતી રાજસ્થાનની ગેંગ પકડાઈ

સાઇબર ક્રાઇમનો ભોગ બનેલા એક વ્યક્તિએ ૧૫૫૨૬૦ હેલ્પલાઈન પર કોલ કરીને એક યુવતી બ્લેકમેઈલ કરતી હોવાની ફરિયાદ કરી હતી. જે મુજબ ભોગ બનનારને ફેસબૂક પર યુવતીએ ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી મિત્રતા કરી હતી. શરૂઆતમાં ચેટીંગ બાદ વાત વીડિયો કોલ સુધી પહોંચી હતી. કોલ પર યુવતીએ નગ્ન થઈ વીડિયો બનાવી ભોગ બનનારને બ્લેકમેઈલ કરી પૈસા માંગ્યા હતા. પૈસા નહીં મળે તો આ વીડિયો તેના પરિવારને મોકલવાની ચિમકી આપી હતી. ભોગ બનનારે હેલ્પલાઈન પર કોલ કરતાં સાઇબર સેલએ કાર્વયાહી શરૂ કરી અને રાજસ્થાનથી ઓનલાઇન ફ્રોડ કરતી ટોળકીને ઝડપી હતી.

### વિદેશી યુવતીએ મિત્ર બનાવી યુવક પાસેથી રૂપિયા ૧૦ લાખ ખંખેર્યા

ગીર-સોમનાથમાં રહેતાં એક વ્યક્તિને ફેસબૂક પર મિત્ર બનાવી વિદેશી યુવતીએ ગિફ્ટ મોકલવાના બહાને ઠગાઈ આચરી હતી. આ યુવતીએ ગિફ્ટ મોકલવાનું કહ્યાં બાદ કસ્ટમ, ઈડી ઓફીસરના ગિફ્ટ પાર્સલ છોડાવવાના કોલ આવ્યા હતા. આ પાર્સલના વિવિધ ચાર્જ વ્યક્તિ પાસે ઓનલાઇન જૂદા જૂદા ખાતામાં આરોપીઓએ ભરાવ્યા હતા. આ રીતે ૯.૯૦ લાખની રકમ ભર્યા બાદ ભોગ બનનારને પોતાની સાથે ઠગાઈની જાણ થઈ હતી. હેલ્પલાઈનની મદદ લેતાં સાઇબર સેલએ તપાસ કરી હતી. જેમાં જાણવા મળ્યું કે, ફ્રોડની રકમ આઈડીએફસી બેંકમાં ઠગના મળતીયાના એકાઉન્ટમાં જમા થઈ હતી. પોલીસે આ બેંક એકાઉન્ટ તત્કાળ બ્લોક કરાવી ભોગ બનનારની લાખો રૂપીયાની રકમ પરત અપાવી હતી.

# પતિએ અચાનક પત્નીને ત્રણ તલાક આપવાનું કહેતાં વેજલપુરમાં ફરિયાદ નોંધાઈ

અમદાવાદ । ફતેવાડીમાં મહિલાને તેના પતિ સહીત સાસરીયાઓ અવાર નવાર ત્રાસ આપતા હતા એટલું જ નહીં મહિલા તેના પિયરમાં હતી ત્યારે પતિ ત્યાં જઈને હું તને ત્રણ તલાક આપું છું તેમ કહી જતો રહ્યો હતો. આ અંગે મહિલાએ પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. શહેરના ફતેવાડી વિસ્તારમાં રહેતી મહિલાનો પતિ લગ્ન બાદથી જ ત્રાસ આપવાનું શરૂ કરી દીધુ હતું. બીજી બાજુ સાસરીયાઓ પણ મેણા ટોણા મારીને ત્રાસ આપવા લાગ્યા હતા. અવાર નવાર નણંદ પતિને ચઢામણી કરી જેથી પતિ મારઝુડ કરતો હતો. નણંદ અવાર નવાર કહેતી કે, તું તારી પત્નીને છોડી હું તારા બીજા લગ્ન કરાવી દઈશ તેમ કહી ત્રાસ આપતી હતી. પતિ પણ ખોટી શંકા રાખીને ત્રાસ આપતો હતો. મહિલા તેના પિયરમાં ગઈ અને પરિવાર સાથે ઘરે હાજર હતી ત્યારે તેનો પતિ ત્યાં જઈને કહેવા લાગ્યો હતો કે, હું તને ત્રણ તલાક આપું છું. તેમ કહીને જતો રહ્યો હતો. જેથી તંગ આવેલી મહિલાએ પોલીસ સ્ટેશનમાં પતિ સહીત સાસરીયાઓની વિરુદ્ધમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથધરી છે.

# દર ત્રણમાંથી એક વ્યક્તિને તમાકુનું વ્યસન

### તમાકુમાં ૭૦ પ્રકારના કેમિકલ એવા જે કેન્સરને જન્મ આપે છે : વર્ષે એક વ્યક્તિ તમાકુના વ્યસન પાછળ લાખ રૂપિયા ખર્ચે છે

। સુરત ।

દેશમાં તમાકુના વ્યસનનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. વિશ્વની વાત કરીએ તો દર વર્ષે તમાકુના વ્યસન સંબંધિત થનારા રોગથી ૬૦ લાખ લોકો મૃત્યુ પામે છે, જ્યારે આ આંકડો ભારત દેશમાં ૧૦ લાખ જેટલો છે અને આગામી આઠ-નવ વર્ષમાં તેમાં ૩૦ ટકા જેટલો મૃત્યુનો વધારો થવાની શક્યતા દર્શાવાઈ છે. દેશમાં દર ત્રણમાંથી એક વ્યક્તિ તમાકુનું કોઈના કોઈ પ્રકારનું વ્યસન કરે છે. એક અભ્યાસ મુજબ વર્ષે એક વ્યક્તિ તમાકુના વ્યસન પાછળ લાખ રૂપિયા ખર્ચી કાઢે છે. દેશમાં દર વર્ષે તમાકુના વ્યસનના કારણે રૂ. ૧,૦૪,૫૦૦ કરોડનો ખોટો ખર્ચ થાય છે. તમાકુમાં ચારથી પાંચ હજાર પ્રકારના અલગ અલગ કેમિકલ હોય છે. જે પૈકી લગભગ ૭૦ પ્રકારના કેમિકલ એવા છે, જે કેન્સર નામના મહાભયાનક રોગને જન્મ આપે છે. તમાકુના વ્યસનને લીધે થતાં મૃત્યુ ઓછા કરવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્ષ ૧૯૮૭થી લોકોને જાગૃત કરવા માટે દર વર્ષે ૩૧ મેના રોજ 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

### ગુજરાતમાં સૌથી વધુ ગુટખાનું વ્યસન

ગ્રામ વિસ્તારોમાં બીડીનું વ્યસન વધારે જોવા મળે છે. જ્યારે ગુજરાતમાં ગુટખાના વ્યસનનું પ્રમાણ વધારે છે. પુરૂષોમાં ૪૦થી ૫૦ ટકા અને મહિલાઓમાં ૨૦ ટકા કેન્સર તમાકુના વ્યસનને લીધે થાય છે. આ વ્યસનથી ફેફસા, હોજરી, મોઢાનું, ગળાનું, અન્નનળીનું, પેશાબની કોથળીનું, આતરડાનું કેન્સર થાય છે.
- ડો. નિલેશ મહાલે (ભરત કેન્સર હોસ્પિટલ)

### દરરોજ ૧,૫૦૦ યંગસ્ટર્સ તમાકુના વ્યસની બને છે

એક અંદાજ મુજબ દેશમાં દરરોજ ૧૫૦૦ યંગસ્ટર્સ તમાકુના વ્યસની છે. લોકોને તમાકુનું વ્યસન છોડાવવા માટે વિશેષ ઝૂંબેશ છેડવાની જરૂર છે. આ વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા 'કમિટ ટુ ક્વીટ' અર્થાત તમાકુના વ્યવસને છોડવાની પ્રતિજ્ઞા લો, એવા સૂત્ર સાથે 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ'ની ઉજવણી કરવામાં આવનાર છે.
- ડો. નિકુંજ વિઠલાણી (કેન્સર સર્જન)

**ગંભીર કોરોનામાં રિકવરીના ચાન્સ ઘટી જાય છે ।** કોરોના જેવી ગંભીર બીમારીમાં તમાકુના વ્યસની વ્યક્તિને વધુ જોખમ રહે છે. વ્યસની વ્યક્તિને કોરોના થાય તો તેને બીજા દર્દી કરતા વધુ તકલીફ થઈ શકે છે. ફેફસા ખરાબ થયા હોય છે. ઉપરાંત રોગપ્રતિકારક શક્તિ પણ ઓછી હોવાથી ગંભીર પ્રકારનો કોરોના થાય તો તેના રિકવરીના ચાન્સ ઘટી જાય છે. - ડો. અંકિત પટેલ (ઓન્કો ફિઝિશિયન)

### તમાકુનું વ્યસન છોડ્યાં બાદ થનારા ફાયદા

- ૧ વર્ષમાં કફ-શ્વાસની તકલીફ ઓછી થાય છે
- હાર્ટ એટેકનું જોખમ અડધુ ઘટી જાય છે
- પાંચ વર્ષમાં પેરાલેસિસનું રિસ્ક ઘટી જાય છે
- ૧૦ વર્ષમાં કેન્સરનું જોખમ અડધું થઈ જાય છે
- ૧૫ વર્ષમાં હાર્ટ એટેકનું જોખમ સામાન્ય માણસની જેમ થાય છે

### તમાકુનાં વ્યસનને લીધે થતા કેન્સરનાં લક્ષણો

- મોઢામાં ચાંદા પડ્યા બાદ સારા નહીં થાય
- ગળામાં તકલીફ શરૂ થવી
- અવાજ ઘોંઘરો થવો કે બેસી જવો
- ખાવા-પીવામાં તકલીફ શરૂ થવી
- ગળામાં ગાંઠ બનવી
- લસીકાગ્રંથી મોટી થવી અને વજન ઘટવું


## Reliance Industries Limited

**Registered Office:** 3rd Floor, Maker Chambers IV, 222, Nariman Point, Mumbai 400 021
**Telephone:** +91 (22) 3555 5000 • **Facsimile:** +91 (22) 2204 2268
**E-mail:** investor.relations@ril.com • **Website:** www.ril.com
**Corporate Identity Number:** L17110MH1973PLC019786

**FOR THE ATTENTION OF REGISTERED MEMBERS OF PARTLY PAID-UP EQUITY SHARES**

**PAYMENT OF FIRST CALL (LAST DATE* TODAY)**

1. **The Company has sent First Call Notice on May 13, 2021 to all the holders of partly paid-up equity shares whose names appeared on the Register of Members as on May 12, 2021 (being the "Call Record Date"). *LAST DATE FOR MAKING PAYMENT (WITHOUT INTEREST) OF FIRST CALL OF RS. 314.25 PER PARTLY PAID-UP EQUITY SHARE IS TODAY, THAT IS, MAY 31, 2021. First Call Notice can be downloaded from https://rights.kfintech.com/callmoney**
2. The First Call payment can be made by choosing any one of following modes namely **(a) Online ASBA, (b) Physical ASBA, (c) 3-in-1 type account, (d) R-WAP portal (https://rights.kfintech.com/callmoney)** and **(e) Deposit of cheques / demand drafts with the 'Collection Centers' of the Escrow Collection Banks along with a Payment Slip. Shareholders can visit https://www.sebi.gov.in/sebiweb/other/OtherAction.do?doRecognisedFpi=yes&intmId=35 to refer to the list of existing Self-Certified Syndicate Banks ("SCSBs") (for points (a) and (b) above). Details of Collection Centers of Escrow Collection Banks are available at https://www.ril.com/InvestorRelations/FirstCall.aspx**
3. **Shareholders may note the consequences of failure to pay First Call, given below:**
   (a) Interest @ 8.00 % (Eight per cent only) p.a. will be payable **for delay beyond May 31, 2021** till actual date of payment;
   (b) The Company shall be entitled to deduct from any dividend payable, all sums of money outstanding on account of calls and interest due thereon in relation to the partly paid-up equity shares; and
   (c) The partly paid-up equity shares, including the amount already paid thereon is liable to be forfeited in accordance with the Articles of Association of the Company and the Letter of Offer dated May 15, 2020.
4. For any query related to the First Call:
   (a) Refer FAQs on **http://www.ril.com/InvestorRelations/FirstCall.aspx;**
   (b) Call toll-free number **1800 892 9999 (9 AM to 9 PM);**
   (c) WhatsApp by typing **"Hi"** to **+91 79771 11111;** or
   (d) E-mail at **ril.callmoney@kfintech.com**
5. **This notice is for information of shareholders holding partly paid-up equity shares of the Company for payment of the First Call and is not for publication, distribution, directly or indirectly outside India and this does not constitute an offer or invitation or inducement to purchase or sell or to subscribe for, any new securities of the Company.**

Place : Mumbai
Date : May 31, 2021

For RELIANCE INDUSTRIES LIMITED
Sd/-
**K. Sethuraman**
Group Company Secretary and Chief Compliance Officer

For RELIANCE INDUSTRIES LIMITED
Sd/-
**Savithri Parekh**
Joint Company Secretary and Compliance Officer